ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# રવિવારીય પૂર્તિ

રવિવાર ૧૯ ઓક્ટોબર, ૨૦૨૫

# ‘ખેલ વિશ્વ’ એટલે વૈશ્વિક રાજકારણમાં સોફ્ટ પાવર અને કૂટનીતિ

**અહીં અઘરો સવાલ એ છે કે શું લોકશાહી રાષ્ટ્ર નાગરિકોને કચડ્યા વિના ઓલિમ્પિક-સ્કેલની ભવ્યતા આપી શકે છે? આ વાત છોડો પણ રિયોથી ટોકિયો વગેરેમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય સમારોહ શહેરી વિસ્થાપન, બજેટ ઓવરરન્સ અને પર્યાવરણીય નુકસાનોના વિવાદોથી કલંકિત છે**

## કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદ યજમાન


બહુશ્રુત

ચિરંતના ભટ્ટ

જ્યારે 15 ઓક્ટોબરે કોમનવેલ્થ સ્પોર્ટએક્ઝિક્યુટિવ બોર્ડે 2030 કોમનવેલ્થ ગેમ્સયોજવાના સ્થળ તરીકે અમદાવાદને યજમાન શહેર બનાવવા માટે ભલામણ કરી, તેમાં માત્ર ખેલકૂદની અગત્યતા કરતા કંઈકગણી અન્ય બાબતો વણાયેલી છે. 26 નવેમ્બરે ગ્લાસગોમાં અંતિમ બહાલી બાકી છે પરંતુ ભારત માટે દિલ્હી 2010માં જે કોમનવેલ્થ ગેમ્સ આયોજઇ તે પછી હવે આ ખેલ મહોત્સવનું વીસ વર્ષે પુનરાગમન છે- જો કે ત્યારની અને અત્યારની સ્થિતિમાં ફેર છે - સંજોગો ધરમૂળથી બદલાયા છે. આ ફક્ત વાત માત્ર ખેલકૂદની નથી. આ “સોફ્ટ પાવર ડિપ્લોમસી” દ્વારા ભારતની વૈશ્વિક સ્થિતિ શું છે-તેનું સ્થાન શું છે તે બતાડવાનો મોકો છે. વળી ભારતે ભીડમાં બૂમ પાડીને પોતાની તરફ બળજબરીથી દુનિયાને પોતાની તરફ જોવા નથી આકર્ષવાની પણ આંતરરાષ્ટ્રીય સ્તરના મહોત્સવનું આયોજન કરવાની ક્ષમતાથી દ્વારા પ્રભાવિત કરવા માટે આ તક ઝડપવાની છે. અને કોમનવેલ્થ ગેઈમ્સ અમદાવાદ 2030 એ ભારતની 2036 ઓલિમ્પિક્સ માટેની મહત્વાકાંક્ષી ચાલનું પહેલું પગલું છે.

2030માં આ ખેલ સમારોહ યોજવા માટે ભારતનો એકમાત્ર સ્પર્ધક નાઈજીરિયાનું અબુજા હતું. કેનેડાએ ખર્ચના કારણે પ્રસ્તાવ પાછો ખેંચી લીધો. 1930માં પહેલીવાર આ સમાહોર હેમિલ્ટનમાં યોજાયો હતો પણ ત્યાં પણ નાણાકીય અવરોધ નડ્યા. ઓસ્ટ્રેલિયાએ બ્રિસ્બેનની-2032 ઓલિમ્પિક્સ પાસે હોવાને કારણે આ મહોત્વમાં પડવાની સ્પષ્ટપણે ના પડી.

પેટર્ન સ્પષ્ટ છેઃ ધનાઢ્ય પશ્ચિમી રાષ્ટ્રો જેઓ એક સમયે કોમનવેલ્થ ગેમ્સની યજમાની પર પ્રભુત્વ ધરાવતા હતા- ઓસ્ટ્રેલિયા (5 વખત) કેનેડા (4 વખત) યુકે (7 વખત)- તે તમામ હવે પાછળ હઠી રહ્યા છે. વિક્ટોરિયાએ અંદાજીત $7 બિલિયન ખર્ચને કારણે 2026ની યજમાનીમાંથી હાથ ખસેડી લીધો ત્યારે આ સંકટ સ્પષ્ટ થયું.



તો વિકાશીલદેશોને તક મળી છે. વળી એ સમજી લેવું પડે કે આ ગણતરી સંપૂર્ણપણે નાણાકીય નથી- તે વ્યૂહાત્મક છે. યજમાની સંગઠનાત્મક ક્ષમતા અને રાજ્યની યોગ્યતા વૈશ્વિક મંચ પર દેખાડવાનો આ મોકો છે. વિકાસશીલ રાષ્ટ્રો માટે, આ એક ઘોષણા છેઃ અમે આ માટે સક્ષમ બની ગયા છીએ- અંગ્રેજીમાં કહીએ કે We Have Arrived- ટોકિયોએ 1964એ યુદ્ધ પછી જાપાનનાં પુનરુત્થાનની જાહેરાત કરી. સિઓલ 1988એ દક્ષિણ કોરિયાના પરિવર્તનને દર્શાવ્યું. બેઈજિંગ 2008 ચીનનો મહાસત્તા તરીકેની તાજપોશીનો પુરાવો હતો.

દિલ્હીમાં જ્યારે 1982 એશિયન ગેમ્સ યોજાઇ ત્યારે દેખીતા મૂર્ત લાભ મળ્યાઃ જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ, ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ, શહેરના પ્રથમ ફ્લાયઓવર્સ, રંગીન ટેલિવિઝન પ્રસારણ, અને સ્પોર્ટ્સઓથોરિટી ઓફ ઈન્ડિયા (1984માં સ્થપાયેલી). આ રમતોને કારણે આધુનિકીકરણને દાયકાઓ પહેલાં લવાયું. દિલ્હી 2010માં જે કોનવેલ્થ ગેમ્સ યોજાઇ એમાં જરા કોકડું ગુંચવાયેલું હતું- સુરેશ કલમાડી ભ્રષ્ટાચારનો ખેલ ખેલી ગયા પણ છતાંય સારું જોવા જઈએ તો એ સમારોહને પગલે મેટ્રો સિસ્ટમ અને વૈશ્વિક સ્તરે દેખાવાની તક (101 મેડલ મેળવ્યા) આપી. જોકે, સંસ્થાકીય ઘા રહી ગયા. IOCને એ ખામીઓ યાદ છે. અમદાવાદ 2030એ આ ભૂત સાથે સામનો કરવાનો છે. ભૂતકાળનું ભૂત ધુણે નહીં એવું માનવાની કોઈ જરૂર નથી. ભારતની વ્યૂહરચના સમજવા માટે, આપણે ચીનના ઉદાહરણને નજર સામે રાખવું જોઈએ. બેઈજિંગે 1990 એશિયનગેમ્સનું આયોજન કર્યું- સુધારા પછી ચીનનો પ્રથમ મોટો આંતરરાષ્ટ્રીય રમતગમત મહોત્વ. ઓલિમ્પિક બિડ તરત જ અનુસરીને ચીને તે 2001માં જીતી, 2008માં $43 બિલિયન રોકાણ સાથે તે સફળતાપૂર્વક યોજવામાં આવી. 2022 વિન્ટર ઓલિમ્પિક્સે બેઈજિંગને એકમાત્ર “ડ્યુઅલ ઓલિમ્પિક સિટી” તરીકે સ્થાપિત કર્યું. ચીનનો અભિગમઃ ક્ષમતા હોય તો પહેલાં તેનું પ્રદર્શન કરો. આ ભવ્ય પ્રદર્શને ચીનની વૈશ્વિક સ્તરે અનિવાર્યતા બતાડી અને તે વૈશ્વિક રાજનીતિમાં મહાસત્તાના પુનઃ પ્રવેશ જાહેરાત પણ બન્યું. પરંતુ ચીન પાસે નિર્ણાયક લાભ હતોઃ સરમુખત્યારશાહી કાર્યક્ષમતા. સંસાધનો માટે આદેશ આપવું સરળ હતું, વસ્તીને વિસ્થાપિત કરી એમાં કોઇ કશુ બોલ્યું નહીં, અને લોકશાહી ઘર્ષણ વિના મોટા પાયે તમામ યોજનાઓનો અમલ કર્યો. ભારતનો માર્ગ મૂળભૂત રીતે જુદો છે- એટલે વધુ જટિલ પણ છે. ભારતને સંઘીય રાજકારણ અને લોકશાહી પ્રક્રિયા સાથે વાટાઘાટ કરવાના આવશે. જો ચીનની રમતો નિયંત્રિત રાજ્યનું પ્રદર્શન હતી, તો ભારતનું પ્રદર્શન આ ખેલ મહોત્સવમાં લોકશાહી સંકલનનું દૃષ્ટાંત બને તે જરૂરી છે. ભારતે 2036 માટે IOCને પોતાનો લેટર ઑફ ઈન્ટ્રેસ્ટસબમિટ કર્યો છે, ઈન્ડોનેશિયા, તુર્કીયે, ચિલી, કતાર અને સાઉદીઅરેબિયા સ્પર્ધામાં જોડાયા છે.

આપણે ભલે ખુશ થતા હોઈએ પણ ખરેખર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક મોટો પડકાર છે. અમદાવાદ પાસે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ છે અને સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સએન્ક્લેવ વિકસાવી રહ્યું છે. પરંતુ ઓલિમ્પિક્સને વિશિષ્ટ સ્થળોની જરૂર હોય છેઃ વેલોડ્રોમ્સ, સેઈલિંગસેન્ટર્સ, હોર્સરાઈડિંગ સુવિધાઓ, ઓલિમ્પિક-સ્ટાન્ડર્ડ હાઉસિંગ, અને એન્ટી-ડોપિંગસિસ્ટમ્સ વગેરે.

બીજી ચિંતા છે, શાસન કે વહીવટની. ઓક્ટોબર 2024માં, IOCએ નાણાકીય ગેરવહીવટ અને આંતરિક વિવાદોને કારણે ભારતીય ઓલિમ્પિક એસોસિએશનને સોલિડેરિટી ચુકવણી અટકાવી દીધી. IOCનો સંદેશ સ્પષ્ટ હતોઃ ઓલિમ્પિકને લગતી ગંભીર ચર્ચા શરૂ થાય તે પહેલાં ઘર આંગણે બધું વ્યવસ્થિત કરો. આપણા પડકારો જુદા છેઃ સંઘીય જટિલતા, લોકશાહી પ્રક્રિયા, અમલદારશાહી ક્ષમતા-માળું આ ત્રિરાશીના જવાબ સાચો આવે એ જરૂરી છે. અહીં અઘરો સવાલ એ છે કે શું લોકશાહી રાષ્ટ્ર- નાગરિકોને કચડ્યા વિના ઓલિમ્પિક-સ્કેલની ભવ્યતા આપી શકે છે? આ પણ વાત છોડો પણ રિયોથી ટોકિયો વગેરેમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય સમારોહ શહેરી વિસ્થાપન, બજેટ ઓવરરન્સ અને પર્યાવરણીય નુકસાનોના વિવાદોથી કલંકિત છે.

રમતગમત કૂટનીતિ 21મી સદી માટે એક ઈન્ફ્લુઅન્સ બતાડવાનું કેન્દ્ર બની ગઈ છે. લશ્કરી શક્તિ કે આર્થિક પ્રતિબંધો (હાર્ડ પાવર)થી વિપરીત, સોફ્ટ પાવર આકર્ષણ ખડું કરીને કામ કરે છે-વિશ્વ તમને કેવી રીતે સમજે છે કે જુએ છે તે દૃષ્ટિકોણ બદલવો. ખેલકૂદ થકી રાષ્ટ્રવાદ ઉજવવાની વિશેષ મંજૂરી મળે છે. તેમાં રાષ્ટ્રવાદનું પ્રદર્શન વખોડાતું નથી. દુનિયાની નજર તમારા પર હોય અને સંગઠનાત્મક યોગ્યતા તમારામાં છે કે નહીં તે નક્કી થતું હોય છે. જ્યારે દક્ષિણ કોરિયાએ સિઓલ1988નું આયોજન કર્યું ત્યારે એક યુદ્ધથી વિખેરાયેલા પછાત પ્રદેશની પોતાની વૈશ્વિક છબીને એક આર્થિક ગર્જના કરી શકતા વાઘમાં ફેરવી દીધી. ચીને બેઈજિંગમાં 2008માં ઓલિમ્પિક્સ યોજીની જાહેર કર્યું કે પોતાની શરતો પર ચીન પશ્ચિમ સાથે સ્પર્ધા કરી શકે તે સ્તરે પહોંચ્યો છે.

ભારતની વિદેશ નીતિ પહેલેથી સાંસ્કૃતિક આઉટરીચનો લાભ ઉઠાવે તેવી જ છે- યોગ, ડાયસ્પોરાનેટવર્ક્સ, બોલીવુડ, રમતગમત એ આ તમામનું કુદરતી વિસ્તરણ છે, જે એવા પ્રેક્ષકો સુધી પહોંચે છે જ્યાં સંસ્કૃતિ એકલી ન પહોંચી શકે.

કોમનવેલ્થ ગેમ્સ, સંસ્થાકીય પતન થયું હોવા છતાં, હજુ મહત્વની છે. 72 રાષ્ટ્રો અમદાવાદ 2030 કોમનવેલ્થમાં ભાગ લેશે. જ્યારે પરંપરાગત યજમાનો પીછે હઠે ત્યારે આગળ આવવું એક એવો સંદેશઆપે છેઃ જ્યારે જૂની શક્તિઓ ઘટે છે, નવી શક્તિઓ નેતૃત્વ કરી શકે છે. અમદાવાદની તૈયારીઓ દિલ્હી 1982નું પ્રતિબિંબ છેઃ એક સાથે સમય મર્યાદા સાથે મેટ્રો વિસ્તરણ, એરપોર્ટ અપગ્રેડ, રસ્તાઓ અને હોટેલ્સ. આ દાવ એ છે કે દબાણ હોય તો પ્રગતિ પણ સપાટી પર દેખાવા માંડે છે. પરંતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વારસો બે ધારી તલવાર છે. દિલ્હીમાં2010માં ખડા થયેલા સ્થળો આજે પણ જાળવણી ખર્ચના સંઘર્ષમાં છે. ઘણા ઓલિમ્પિક સિટીઝમાં “સફેદ હાથી” છે-એકવાર ઉપયોગમાં લેવાયેલા સ્ટેડિયમ્સ, પછી ત્યજી દેવાય છે. મોન્ટ્રીયલને તેના 1976 ઓલિમ્પિક્સ દેવું ચૂકવવા માટે 30 વર્ષ લાગ્યા. વધુ સમજદાર રમત તો એ છે કે મોટા મહોત્સવ પછી એ જગ્યાની ઉપયોગિતા માટે ડિઝાઈન તૈયાર હોવી. રમતવીરોના ગામોને જાહેર આવાસમાં ફેરવવા. સ્પોર્ટ્સ એકેડમીઓને શાળાઓમાં ફેરવવી. જો અમદાવાદ આ યોગ્ય રીતે કરી શકે, તો તે ગ્લોબલસાઉથ માટે એક પુનરાવર્તિત મોડેલ બનાવશે. કોમનવેલ્થ ગેમ્સ 2030 એ ઓલિમ્પિક્સ ઓડિશન પહેલાં ભારતની પરીક્ષા છે. સફળતા મળે તો સાબિત થશે કે ભારત મોટા પાયે જટિલતાનું સંચાલન કરી શકે છે અને તે 2036ની ઓલિમ્પિકબિડને મજબૂત બનાવે છે. નિષ્ફળતા મળી અને તેમાં ય નોંધપાત્ર ગેરવહીવટ કે કૌભાંડ થયા તો એક પેઢી માટે ઓલિમ્પિક આશાઓનું પીંડું વળી જશે.

જ્યારે દિલ્હીએ 1982 એશિયાડનું આયોજન કર્યું, ત્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રવેગ જડ્યો. જ્યારે દિલ્હીમાં 2010નું આયોજન થયું, ત્યારે અવ્યવસ્થાનો ખર્ચ શોધ્યો. જો અમદાવાદ 2030 સફળ થાય છે, તો ભારત લોકશાહીની ભવ્યતા માટે સૂત્ર શોધી શકે છે. અને જો 2036માં ઓલિમ્પિક જ્યોત ભારતીય શહેર ઉપર પ્રગટે, તો તે માત્ર રમતગમતની સિદ્ધિથી વધુ ચિહ્નિત કરશે. તે એક વ્યૂહાત્મક પ્રવાસને પ્રકાશિત કરશેઃ એક વસાહતી-કોલોનાઇઝ્ડ રાષ્ટ્રમાંથી આપણે આત્મવિશ્વાસપૂર્ણ વૈશ્વિક ખેલાડી રાષ્ટ્ર સુધી પહોંચ્યા એ સાબિત થશે.

રમતગમત વિશ્વની સૌથી સાર્વત્રિક ભાષા છે. ભારત આ ભાષા બોલવા તૈયાર છે-દર્શક તરીકે નહીં, પરંતુ યજમાન તરીકે. શું આ મહત્વાકાંક્ષાને અમલમાં અનુવાદિત કરી શકીએ છે કે કેમ તે બાબત આપણા માત્ર રમતગમત વારસાને જ નહીં, પરંતુ આપણા ભૌગોલિક રાજકીય માર્ગને વ્યાખ્યાયિત કરશે.સમય આગળ વધી રહ્યો છે. 26 નવેમ્બર સત્તાવાર ચુકાદો લાવે. પછી નક્કર કામ શરૂ થશે.

### બાય ધી વે


ભારતે ઓલિમ્પિકમાં જે દેખાવ કર્યો છે એને કારણે ચિંતા વધે. પેરિસ 2024માં, ભારતે છ મેડલ જીત્યા (એકપણ સુવર્ણ ચંદ્રક નહીં), આપણે 71મા ક્રમે હતા-વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા રાષ્ટ્ર અને પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા માટે આ જરા નિરાશાજનક તો કહેવાય. ચીન સાથે તુલના કરીએઃ ચીનની2008 હોમ ઓલિમ્પિક્સમાં, તે 51 સુવર્ણ સાથે મેડલ ટેબલમાં ટોચ પર હતો. આ અઠવાડિયે શરૂ થયેલી ખેલો ભારત નીતિ સિસ્ટમિક મુદ્દાઓને સંબોધવાનો ધારે છે, પરંતુ ઇચ્છાઓને પરિણામોમાં ફેરવાતા વર્ષો લાગે છે. આપણા ખેલાડીઓ મહેનતુ છે પણ પછી રાજકારણીઓ તેમને સળી કર્યા વિના બેસી નથી શકતા, આપણું આંતરિક રાજકારણ ખેલકૂદની સિદ્ધિઓને નેવે મુકી દે છે અને પછી સાક્ષી મલિક, વિનેશ ફોગટ જેવા વિજયી ખેલાડીઓના વિરોધોના દ્રશ્યો વિચલિત કરી દે ત્યારે બીજી કોઇ ચકાચોંધ કામે નથી લાગતી. ભ્રષ્ટાચાર, ખેલાડીઓની હેરાનગતિ અને ગંદુ રાજકારણ બાજી બગાડે નહીં એ જોવાની જવાબદારી સત્તાધીશોની છે.

# તાલિબાની સરકારના વિદેશ પ્રધાન ભારતની મુલાકાત લે એમાં આશ્ચર્ય ન થવું જોઈએ

**આ સ્થિતિમાં ભારતની હિંદુ રાષ્ટ્રવાદી સરકારે અફઘાનિસ્તાનના તાલિબાની વિદેશ પ્રધાનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. દુશ્મનનો દુશ્મન મિત્ર એ ન્યાયે. વૈચારિક રીતે હિન્દુત્વવાદીઓ અને દેવબંદીઓ સામેના છેડે હોવા છતાં**

નો નોનસેન્સ

રમેશ ઓઝા



અફઘાનીસ્તાનના વિદેશ પ્રધાન આમીર ખાન મુત્તાકી એક અઠવાડિયા માટે ભારતની સતાવાર મુલાકાતે આવી ગયા. તેઓ ભારત સરકારનાં સત્તાવાર આમંત્રણ સાથે ભારત આવ્યા હતા. તેમણે હૈદરાબાદ હાઉસમાં ભારતના વિદેશ પ્રધાન જયશંકર સાથે વાતચીત કરી હતી. તેમણે પત્રકાર પરિષદ પણ બોલાવી હતી જેમાં મહિલા પત્રકારોને પ્રવેશ આપવામાં નહોતો આવ્યો. એ પછી તેમણે દારુલ ઉલૂમ દેવબંદની મુલાકાત લીધી હતી.

વિશ્વદેશોમાં આજકાલ જે ઝડપથી અને અનપેક્ષિત રીતે સંબંધો બદલાઈ રહ્યા છે એ જોતાં આમાં આશ્ચર્ય ન થવું જોઈએ. ખાસ કરીને ટ્રમ્પ અમેરિકામાં બીજીવાર પ્રમુખ તરીકે આવ્યા એ પછી તો વિદેશનીતિ ફારસ બની ગઈ છે. ગુરુવારે ટ્રમ્પે જાહેરાત કરી હતી કે રશિયા પાસેથી ખનીજ તેલ નહીં ખરીદવાનો ભારતે નિર્ણય લઈ લીધો છે. ભારત વતી જાહેરાત ટ્રમ્પ કરે. ભારત સરકારે રદિયો આપ્યો. તો સંબંધોમાં શાશ્વતી નથી કે નથી સાતત્ય. આ સ્થિતિમાં અફઘાનિસ્તાનની તાલિબાની સરકારના વિદેશ પ્રધાન ભારતની મુલાકાત લે એમાં આશ્ચર્ય ન થવું જોઈએ. માત્ર પત્રકાર પરિષદ બાબતે ભારતે સાવધાન રહેવું જોઈતું હતું. ભારતની ધરતી પર ભારતના કાયદા અને બંધારણને અતિક્રમીને ધર્મના નામે ભેદભાવ કરવાની ઘટના નહોતી બનવી જોઈતી હતી. ભારત સરકારે કહી દેવું જોઈતું હતું કે કાં ખુલ્લી પત્રકાર પરિષદ કરો અથવા પસંદગીના પત્રકારોને અંગત મુલાકાત આપો.

રહી વાત દેવબંદની મુલાકાતની તો એનો તો લાંબો ઈતિહાસ છે અને હિન્દુત્વવાદીઓ તેમ જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને દારુલ ઉલુમ દેવબંદના અસ્તિત્વ સામે જ વાંધો છે. આ લોકો મુસલમાનોના વિશ્વિક બંધુત્વમાં માને છે અને રાષ્ટ્રનો અસ્વીકાર કરે છે. જગતમાં મુસલમાનો માટે માત્ર એક જ ઓળખ છે અને તે મુસલમાન હોવાની. બાકીની ઓળખ ગૌણ છે. ભારતીય મુસ્લિમ, મુસ્લિમ પહેલો છે અને ભારતીય પછી. ભારતીય હોવાપણું એ એક અકસ્માત માત્ર છે. એટલે તો તેમણે ભારતના કોમી વિભાજનનો વિરોધ કર્યો હતો. ટુ નેશનનો સવાલ જ ક્યાં છે જ્યારે ઈસ્લામ પોતે જ એક નેશન છે. એ છતાંય જ્યારે ભારતનું વિભાજન થયું ત્યારે તેમણે પાકિસ્તાન પર કબજો જમાવ્યો હતો. પાકિસ્તાનને તેઓ સાચું અને આદર્શ ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવા માગતા હતા જે રીતે હિન્દુત્વવાદીઓ ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવા માગે છે. આપણો વારો હવે આવ્યો છે.

દેવબંદની વિચારધારાએ પાકિસ્તાનની જે દુર્દશા કરી છે એ તમારી સામે છે. આ વિચારધારાનો અમરિકાએ પણ સોવિયેત રશિયા સામે પેટ ભરીને ઉપયોગ કર્યો હતો. અમેરિકા અને પાકિસ્તાને મળીને ઈસ્લામિક મૂળભૂતવાદ અને ત્રાસવાદ પેદા કર્યા હતા. પાકિસ્તાન-અફઘાનિસ્તાન સાથે લેવાદેવા નહોતી એ અરેબિક અને બીજા દેશોના મુસલમાનો પાકિસ્તાનમાં જીહાદ કરવા આવ્યા હતા. ખાસ પ્રકારના ઈસ્લામના તત્ત્વો આરોપીને તેમના દિમાગ પર કબજો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન જીહાદીઓ પેદા કરવાની ફેક્ટરી બની ગયું હતું. 1988-89માં સોવિયેત રશિયાએ અફગાનિસ્તાનમાંથી પોતાનું લશ્કર પાછું ખેંચ્યું એ પછી નવરા પડેલા જીહાદીઓએ ભારતને ટાર્ગેટ બનાવ્યું હતું. જીહાદ દ્વારા તેઓ કાશ્મીરને મુક્ત કરવા માગતા હતા.

9/11 પછી અમેરિકાએ અફઘાનિસ્તાનને તાલેબાનોથી મુક્ત કરવા લશ્કરી ઓપરેશન શરુ કર્યું હતું પણ એમાં તેને સફળતા મળી નહોતી. અફગાનિસ્તાન જગતનો એક એવો દેશ છે જેને આજ સુધી કોઈ દેશ જીતી શક્યો નથી કે કબજો કરી શક્યો નથી. રશિયા પછી અમેરિકાએ પણ પીછેહઠ કરવી પડી અને 2021માં તાલેબાનોએ અફઘાનિસ્તાન પર પાછો કબજો જમાવ્યો હતો. અફઘાનિસ્તાનમાં ભારત હંમેશા નોધર્ન એલાયન્સ તરીકે ઓળખાતા ઉત્તર અફઘાનિસ્તાનના કબીલાઈ નેતાઓને અને દળોને મદદ કરતું આવ્યું છે પણ અત્યારે તેઓ હાંશિયામાં ધકેલાઈ ગયા છે. તાલેબાનો સરસાઈ ધરાવે છે.



તાલેબાનો પાકિસ્તાનનું સર્જન હતું, પરંતુ હવે તેમની વચ્ચે દુશ્મની છે. અમરિકાને ઈશારે થોડો સમય અફઘાનિસ્તાન-પાકિસ્તાનની ધરી રચાઈ હતી પણ પાકિસ્તાનની સ્થાપના થઈ ત્યારથી ક્યારેય પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે મધુર સંબંધો નહોતા. બલુચિસ્તાન અને એક સમયે વાયવ્ય સરહદ પ્રાંત તરીકે ઓળખાતા ખૈબર પખ્તુનવા તરીકે ઓળખતા પ્રાંતમાં વસતા પઠાણો અને બીજી કબીલાઈ પ્રજા અફઘાનિસ્તાન માટે સહાનુભૂતિ ધરાવે છે. આ સિવાય અફઘાનિસ્તાને ક્યારેય અફઘાનિસ્તાન અને એ સમયના અવિભાજિત હિન્દુસ્તાન વચ્ચે અંગ્રેજોએ ખેંચેલી ડુરાંડ લાઈન સ્વીકાર્ય નહોતી. આમ અત્યારે અફગાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સંબંધોમાં તંગદિલી છે. હજુ બે દિવસ પહેલાં જ તે બે દેશ વચ્ચે યુદ્ધવિરામ થયું છે જે તકે એવું લાગતું નથી.

આ સ્થિતિમાં ભારતની હિંદુ રાષ્ટ્રવાદી સરકારે અફઘાનિસ્તાનના તાલિબાની વિદેશ પ્રધાનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. દુશ્મનનો દુશ્મ મિત્ર એ ન્યાયે. વૈચારિક રીતે હિન્દુત્વવાદીઓ અને દેવબંદીઓ સામેના છેડે હોવા છતાં. ભારતે અફઘાનિસ્તાનની તાલિબાની સરકારને માન્યતા નથી આપી, પણ એલચી કચેરી ખોલી છે અને હવે તેને પૂરા કદની એલચી કચેરીનો દરજ્જો પણ આપ્યો છે. રશિયાએ અફઘાનિસ્તાનની સરકારને માન્યતા આપી છે. ચીન પાકિસ્તાનની સાથે છે એટલે ભારત અફઘાનિસ્તાનની સાથે છે.

આવું છે જગતનું રાજકારણ. ટ્રમ્પ પાકિસ્તાનના લશ્કરી વડાને વ્હાઈટ હાઉસમાં ભોજન માટે બોલાવે અને પેટ ભરીને વખાણ કરે. માન્યામાં ન આવે રીતે ભારત વિરોધી વલણ અપનાવે. ચીન ઓપરેશન સિંદૂરમાં પાછળ રહીને પાકિસ્તાનને સાથ આપે. ઈરાન ઈઝરાયેલ અને અમેરિકા બન્ને સામે એક સાથે ઝીંક ઝીલે અને અમેરિકાએ અને ઈઝરાયેલે પીછેહઠ કરવી પડે. આ સ્થિતિમાં ભારતને દક્ષિણ એશિયામાં મિત્રની જરૂર છે. છેલ્લે એક બંગલાદેશ હતું જે પણ હાથમાંથી ગયું.

હિંદુ રાષ્ટ્રવાદીઓને ભૌગોલિક રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રનિષ્ઠામાં નહીં માનનારાઓને રેડ કાર્પેટ પાથરીને સ્વાગત કરવું પડે એ કેવી વિડંબના! એક વાતે તાલેબાનોને સલામ કરવી જોઈએ. તેમની દૃષ્ટિએ યોગ્ય ઈસ્લામિક તત્ત્વોને અનુસરીને તેમણે સ્ત્રીઓને પત્રકાર પરીષદમાં નહીં આવવા દીધી અને હિન્દુત્વવાદીઓની ફિલસુફીને અને તેમની રાજનીતિની ઐસીતૈસી કરીને દેવબંદની મુલાકાત લીધી. વિચારનિષ્ઠામાં આ જે પ્રમાણિકતા છે એ હિન્દુત્વવાદીઓમાં નથી.